# પોરબંદર જીલ્લા પોલીસ– અર્જુનભાઈના કાઉન્ટર માટે

- પ્રાચીન પોરબંદર એટલે ભગવાનશ્રી કૃષ્ણના **સખા સુદામાજીનું જન્મ** સ્થળ એવા "સુદામાપૂરી" રાષ્ટ્રપિતા **મહાત્મા ગાંધી, કસ્તુરબા ગાંધી, નાનજી કાલીદાસ મહેતા,** દેનાબેંકના **સ્થાપક પ્રાણલાલ દેવકરણ** જેવા અનેક મહાનુભાવો ની જન્મભૂમિ એટલે પોરબંદર.

- તમારા શાસનમાં પોરબંદર એટલે **"જ્યાંથી પોરબંદરની હદ શરૂ થાય છે ત્યાંથી તમામ કાયદાની હદ પુરી થાય છે તેમજ ગેંગના કાનુનએ પોરબંદરના કાયદો અને કાનુન."**

- હાલ, ભારતીય જનતા પાર્ટેની ભુપેન્દ્રભાઈ પટેલની સરકારમાં આ ગેંગોનો સફાયો કરીને **ગુજસીટોક અને પાસા જેવા કડક કાયદાઓના અમલ** દ્વારા જેલ ભેગા કરવાનું કામ કર્યું છે. ગુનો કરનાર કોઈ પણ હોય પછી તે ગેંગનો સભ્ય હોય, ગુનેગારો ઉપર કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે છે.

**છેલ્લા એક વર્ષમાં પોરબંદર પોલીસની કામગીરી ઉપર નજર નાખવામાં આવેતો...**

- તાજેતરમાં જ **છેલાણા ગેંગ ઉપર ગુજસીટોકનો** ગુનો દાખલ કરવામાં આવેલ અને આખી ગેંગને જેલ હવાલે કરવામાં આવેલ છે. પોલીસ દ્વારા છેલાણા ગેંગ વિરુદ્ધ કડક કાર્યવાહી કરતા પોરબંદરમાં કેટલાય ઘરોમાં લાપસીના આંધણ મુકેલા અને સામાન્ય લોકો તરફથી અમોને અભિનંદની વર્ષા થઈ હતી.
- આ સરકારે **૩૫ માથાભારે** અને ગેંગો ચલાવતા ઈસમો વિરૂધ્ધ **એક વર્ષમાં પાસા** કરવામાં આવેલ છે.

- પોરબંદર જિલ્લાના **બગવદરમાં લેવજેહાદમાં  યુવતી તાબે ન થતા** તેમના ૮ વર્ષના ભાઈનું છરાની નોક ઉપર અપહરણ કરવામાં આવેલ. જેને ગણતરીના કલાકોમાં ઉકેલાયો જેને **માન. સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ લેખિતમા પત્ર પાઠવીને બિરદાવી હતી.**
- ઓગષ્ટ ૨૦૨૩માં **એક મોલાના એ રાષ્ટ્રગાન અને રાષ્ટ્રીય દ્વજનું અપમાન કરવાનું** નીંદનીય કૃત્ય કરતા તાત્કાલિક ધ પ્રિવેન્શન ઓફ ઈન્સલ્ટ ટુ નેશનલ ઓનર એક્ટ–૧૯૭૧ અન્વયે ગુન્હો દાખલ કરેલ.
- થોડા સમય પહેલા **આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખે એક અરજી** કરેલ જેમાં 18 વર્ષ પહેલા એક **બાળકની હત્યા કરવાનો આક્ષેપ કરેલ.** પોરબંદર પોલીસે તાત્કાલિક ઊંડાણપૂર્વકની તપાસ કરી ભોગ બનનાર બાળકનેઉત્તર પ્રદેશ થી જીવતો શોધી કાઢીને 18 વર્ષ બાદ તેના પરિવાર સાથે પુનઃમિલન કરાવી આમ આદમી પાર્ટીનાપાયા વિહોણા આરોપમાં **દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખેલું.** આના લીધે જિલ્લામાં બે જ્ઞાતિ **જાતિ વચ્ચે ઉભો થનાર મોટો** સંઘર્ષ શાંત થઈ ગયેલ.
- ભૂતકાળમાં પોરબંદરને હથિયારો, ડ્રગ્સનું વેચાણ તથા સ્મગલીંગ જેવી બદીઓના કારણે **"મિની શિકાગો"**તરીકે ઓળખવામાં આવતું. પણ આજેઅમેડ્રગ્સના દૂષણને સંપૂર્ણપણે નાથવા કટીબદ્ધ છીએ.૨૦૨૩ ના વર્ષમાં પોરબંદર પોલીસ દ્વારા **ડ્રગ્સના કુલ ૬ કેસો કરવામાં આવેલ છે.** જેમાં **કુલ ૨૨** આરોપીઓને જેલ ભેગા કરી મેફેડ્રોન ચરસ, **ગાંજો વગેરે ૧૮ લાખ જેટલો મુદ્દામાલ** જપ્ત કરવામાં આવેલ છે.

- ૨૦૨૩ ના વર્ષમાં ગેર કાયદેસર હથિયાર રાખી દાદાગીરી કરતા ઇસમો વિરુદ્ધ કાયદાનો ગાળીયો કસવામાં પણ પોરબંદર પોલીસ અગ્રેસર છે. આવા ૧૧ જેટલા ઇસમો શોધી કાઢી **હથિયારધારા હેઠળ કુલ–૭ ગુના દાખલ** કરવામાં આવેલ છે.
- ગુનેગારો અને ગેંગસ્ટરો સામે કડક પોલીસ સામાન્ય પ્રજાજનો માટે એટલી જ સંવેદનશીલતા સાથે કામ કરીને સિનીયર અધિકારી સહિત અવાર–નવાર માર્કેટ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરીને **મોદી હૈ તો મુમકીન હૈ** અને **ફિલગુડનો અહેસાસ** કરાવેલ છે.